# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - 380014

## તા. 14/03/2013ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ

ગૂજરાત વિદ્યાપીઠની વર્ષ : 2013ની વિદ્યાસભાની પ્રથમ બેઠક કુલનાયક ડૉ. સુદર્શન આયંગારના અધ્યક્ષસ્થાને તા. 14-03-2013ના રોજ બપોરના 12-00 વાગ્યે મુખ્ય કાર્યાલયના સમિતિ ખંડમાં મળી હતી. આ બેઠકમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| 1. | ડૉ. સુદર્શન આયંગાર | : | કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 2. | પ્રો. કનુભાઈ નાયક | : | આચાર્ય, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ. |
| 3. | ડૉ. જયપ્રકાશ પંડ્યા | : | કા. આચાર્ય, શિક્ષણ મહાવિદ્યાલય, અમદાવાદ.<br>કા. આચાર્ય, હિન્દી શિક્ષક મહાવિદ્યાલય, અમદાવાદ. |
| 4. | ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય | : | અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, મ.દે. સ. મહા., અમદાવાદ. |
| 5. | ડૉ. મહેબૂબ દેસાઈ | : | અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મ.દે.સ.મહા., અમદાવાદ |
| 6. | ડૉ. મહેશભાઈ ગામીત | : | કા.અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્ર વિભાગ, મ. દે. સ. મહા. |
| 7. | ડૉ. રક્ષાબહેન પટેલ | : | કા. અધ્યક્ષ, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગ, મ. દે. સ. મહા. |
| 8. | ડૉ. હરિભાઈ પટેલ | : | કા.સંયોજક, અભ્યાસક્રમ વિકાસ એકમ, ગૂ. વિ., અમદાવાદ. |
| 9. | ડૉ. સંધ્યાબહેન ઠાકર | : | અધ્યક્ષ, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 10. | ડૉ. કનુભાઈ નાયક | : | સંયોજક, મ.દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા. |
| 11. | ડૉ. જમનાદાસ સાવલિયા | : | સંયોજક, મ.દે. શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા. |
| 12. | ડૉ. રાજીવભાઈ પટેલ | : | ઇન્ચાર્જ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા<br>સંયોજક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા |
| 13. | ડૉ. મહેશ નારાયણ દીક્ષિત | : | સભ્ય, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ. |
| 14. | ડૉ. કુમુદભાઈ ઠાકર | : | સભ્ય, કેળવણીકાર |
| 15. | ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ | : | સભ્ય, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ. |
| 16. | ડૉ. રાજેન્દ્ર ખીમાણી | : | કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

ઉપરોક્ત બેઠકમાં (1) ડૉ. જશવંતભાઈ પંડ્યા (અધ્યક્ષ, હિન્દી વિભાગ, મ.દે. સ. મહા.), (2) ડૉ. આનંદીબહેન પટેલ, (કા. અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, મ.દે. સ. મહા.), (3) ડૉ. અજયભાઈ પરીખ (અધ્યક્ષ, કમ્પ્યૂટર વિભાગ) (4) ડૉ. વિનોદ પાંડેય (કા. અધ્યક્ષ, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, મ.દે.સ.મહા.), (5) ડૉ. ભરતભાઈ જોશી (સભ્ય, શિક્ષણ મહાવિદ્યાલય), (6) ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા (સભ્ય, ચિલ્ડ્રન્સ યુનિ. ગાંધીનગર), (7) ડૉ. હસમુખભાઈ સુથાર (સભ્ય, લોકભારતી સણોસરા), (8) શ્રી રણછોડભાઈ ચૌહાણ (પરીક્ષામંત્રી, પરીક્ષા વિભાગ) હાજર રહ્યા ન હતા, આ અંગે તેમણે અગાઉથી જાણ કરી હતી. સર્વની રજા મંજૂરીને માન્ય કરવામાં આવી. પરીક્ષા વિભાગ તરફથી શ્રી હેમંત ભાવસાર ઉપસ્થિત હતા.

વધુમાં (1) ડૉ. નિમિષાબહેન શુક્લ (અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ, મ.દે. સ. મહા.), (2) ડૉ. પુષ્પાબહેન મોતીયાની (કા.અધ્યક્ષ, ગાંધીદર્શન / શાંતિ સંશોધન કેન્દ્ર), (3) ડૉ. પ્રદીપભાઈ આચાર્ય (ઇન્ચાર્જ, વિજ્ઞાન એકમ, સાદરા) હાજર રહ્યા ન હતા, અગાઉથી તેમણે હાજર ન રહેવા અંગે કોઈ જાણ કરી ન હતી.

આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.

કાર્ય - 1 ગઈ તા. 06/10/2012ની બેઠકની અહેવાલનોંધને બહાલી આપવી.

ઠરાવ-1 ગઈ તા. 06/10/2012ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ સૌ સભ્યોને તા. 12/10/2012ના રોજ મોકલી આપવામાં આવ્યો હતો.

પરીક્ષા વિભાગના પરીક્ષામંત્રીએ ઉપરોક્ત અહેવાલ સંદર્ભે નીચે જણાવ્યા પ્રમાણેની નોંધ વધારે સ્પષ્ટતા માટે મોકલી હતી. તેને ગ્રાહ્ય રાખવામાં આવી.

(1) ઠરાવ નં.-19 (તા. 16/07/2012)માં મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા તથા રાંધેજા ખાતે સમાજવિદ્યા વિશારદ મુખ્ય વિષય - ગુજરાતીના સત્ર-6માં 'નાટ્યકલા' તથા 'સર્જનાત્મક લેખન'ના પાઠ્યક્રમોને કોર પાઠ્યક્રમ (**Core Corse**) ના બદલે વિશેષ પાઠ્યક્રમ (**Additional Corse**) તરીકે દાખલ કરવાનું મંજૂર કરવામાં આવ્યું.

(2) તા. 06/10/2012ની વિદ્યાસભામાં થયેલ ઠરાવ નં.-13 (વ્યક્તિગત પાઠ્યક્રમમાં પાસનું ધોરણ 40 ટકા (4.0 CGP) પરંતુ અંતિમ પરિણામમાં 50 ટકા (5.0 CGP)નું ધોરણ)નો અમલ વર્ષ 2013 અને તે પછીનાં વર્ષોમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓથી કરવાનો રહેશે.

કાર્ય - 2 ગઈ તા. 06/10/2012ની બેઠકની અમલવારીનોંધ ધ્યાને લેવા અંગે. (પરિશિષ્ટ-1)

ઠરાવ-2 ગઈ તા. 06/10/2012ના રોજ મળેલી વિદ્યાસભાના ઠરાવોની અમલવારીનોંધ તા. 5/3/2013ના રોજ મોકલી આપવામાં આવી હતી. તેની નોંધ લેવામાં આવી.

કાર્ય – 3 વિવિધ અભ્યાસક્રમોમાં પ્રથમ આવનારા પરીક્ષાર્થીઓને પારિતોષિક આપવા માટે સંસ્થાને મળેલા દાન અંગે.

| ક્રમ | દાતાનું નામ | અભ્યાસક્રમ તથા વિષય | સુવર્ણચંદ્રક / તામ્રપત્રનું નામ | દાનની રકમ (રૂ.) |
|---|---|---|---|---|
| 1. | શ્રી કિરણકુમાર શાહ | યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા (સમગ્ર પરીક્ષામાં પ્રથમ આવનારને) | 'ડૉ. ગીતા કિરણકુમાર શાહ' રજતચંદ્રક (પારિતોષિક) | રૂ. 1 લાખ |
| 2. | ડૉ. રિખવભાઈ પો. શાહ | અનુપારંગત (M.Phil.) જૈનવિદ્યા વિષયમાં પ્રથમ આવનારને | 'શ્રી પ્રભાવતી રિ. શાહ' તામ્રપત્ર (પારિતોષિક) | રૂ. 25,000 |

ઠરાવ-3 વિવિધ અભ્યાસક્રમોમાં પ્રથમ આવનારા પરીક્ષાર્થીઓને પારિતોષિક આપવા માટે સંસ્થાને મળેલા દાનને સ્વીકારવામાં આવ્યું. આ પારિતોષિકોને વર્ષ 2013ના પદવીદાન સમારંભમાં આપવાનું જણાવવામાં આવ્યું.

વધુમાં દાન પેટે નવી રકમ નક્કી કરવામાં આવી, જેમાં... 1) સુવર્ણચંદ્રક માટે રૂ. 2 લાખ, 2) રજતચંદ્રક માટે રૂ. 1 લાખ અને તામ્રપત્ર માટે રૂ. 25,000/- નક્કી કરવામાં આવ્યા.

કાર્ય – 4 કોઈ વિદ્યાર્થી અગાઉનાં સત્ર / સત્રોમાં અનુત્તીર્ણ હોય પરંતુ અંતિમ સત્રમાં ઉત્તીર્ણ થાય તો તેવા સંજોગોમાં અનુત્તીર્ણ સત્ર / સત્રોમાં ઉત્તીર્ણ થાય પછી જ અંતિમ સત્રનું ગુણપત્ર આપવા તથા અગાઉના સત્રોના પ્રયાસોને અંતિમ સત્રમાં પણ ગણવા બાબત.

ઠરાવ-4 કોઈ વિદ્યાર્થી અગાઉના સત્ર / સત્રોમાં અનુત્તીર્ણ હોય પરંતુ અંતિમ સત્રમાં ઉત્તીર્ણ થાય તો તેવા સંજોગોમાં નીચેની વિગત પ્રમાણે ઠરાવવામાં આવ્યું.

(1) અંતિમ સત્રનું પરિણામ અનામત રાખવું.

(2) અનામત રાખેલું પરિણામ મૌખિક રીતે વિદ્યાર્થીને જણાવવું. જેથી અનુત્તીર્ણ વિદ્યાર્થી પરીક્ષા આવેદનપત્ર ભરી પરીક્ષા આપી શકે.

(3) અગાઉના સત્ર / સત્રોના અનુત્તીર્ણ પરિણામમાં વિદ્યાર્થી જ્યારે ઉત્તીર્ણ થાય ત્યારે તે સત્ર / સત્રો તથા અંતિમ સત્રનું પરિણામ એક સાથે જે તે વર્ષ દરમ્યાન જાહેર કરવું.

(4) જો વિદ્યાર્થી અંતિમ સત્રમાં પ્રથમ પ્રયાસે પાસ હોય તો તેને પ્રથમ પ્રયાસ આપવો.

કાર્ય – 5 જે તે સત્રમાં સતત ત્રણ તકના અંતે જે તે સત્રમાં નાપાસ રહેનારા વિદ્યાર્થીઓની નામ-નોંધણી બાબત.

ઠરાવ-5 જે તે સત્રમાં સતત ત્રણ તકના અંતે જે તે સત્રમાં નાપાસ રહેનારા વિદ્યાર્થીઓની નામ-નોંધણી રદ કરવાનું ઠરાવવામાં આવ્યું.

હવે પછી ચાર તથા છ સત્રોના અભ્યાસક્રમો માટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.

(1) જે વિદ્યાર્થીની નોંધણી પ્રથમ સત્રની સત્રાંત પરીક્ષા માટે થઈ હોય તે બીજા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(2) જે વિદ્યાર્થીએ પ્રથમ સત્રના બધા જ પાઠ્યક્રમો પાસ કર્યા હોય અને બીજા સત્રની સત્રાંત પરીક્ષા માટે નોંધણી કરાવી હોય તેને જ ત્રીજા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(3) જે વિદ્યાર્થીએ બીજા સત્રના બધા જ પાઠ્યક્રમો પાસ કર્યા હોય અને ત્રીજા સત્રની સત્રાંત પરીક્ષા માટે નોંધણી કરાવી હોય તેને જ ચોથા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(4) જે વિદ્યાર્થીએ ત્રીજા સત્રના બધા જ પાઠ્યક્રમો પાસ કર્યા હોય અને ચોથા સત્રની સત્રાંત પરીક્ષા માટે નોંધણી કરાવી હોય તેને જ પાંચમા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(5) જે વિદ્યાર્થીએ ચોથા સત્રના બધા જ પાઠ્યક્રમો પાસ કર્યા હોય અને પાંચમા સત્રની સત્રાંત પરીક્ષા માટે નોંધણી કરાવી હોય તેને જ છઠ્ઠા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

ટૂંકમાં ત્રીજા સત્રના અભ્યાસ માટે પ્રથમ સત્રમાં, ચોથા સત્રના અભ્યાસ માટે બીજા સત્રમાં, પાંચમા સત્રના અભ્યાસ માટે ત્રીજા સત્રમાં અને છઠ્ઠા સત્રના અભ્યાસ માટે ચોથા સત્રમાં ઉત્તીર્ણ થવું અનિવાર્ય ગણાશે. એટલે કોઈપણ વિષયસત્રમાં એક વખત નાપાસ થયા પછી તે પછીના સત્રમાં પ્રવેશ મેળવી શકાશે. જો આ સત્રમાં પણ અગાઉના સત્રના પ્રશ્નપત્રમાં પાસ ન થાય તો હવે પછીના સત્રમાં પ્રવેશ મેળવી શકશે નહીં.

કાર્ય – 6 સમૂહજીવન શ્રેણી માત્ર **A** અને **B** જ રાખવા અંગે.

ઠરાવ-6 સમૂહજીવન શ્રેણી અગાઉ મુજબ યથાવત (A, B, C) રાખવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 7 પારંગત માનવ સંસાધન સંચાલન (M.H.R.M.) સત્ર-2ની સત્રાંત પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા બાબતે આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગના અધ્યક્ષશ્રીની દરખાસ્તને કુલસચિવશ્રીએ આપેલી સંમતિને બહાલી આપવા અંગે.

ઠરાવ-7 પારંગત માનવ સંસાધન સંચાલન (M.H.R.M.) સત્ર-2ની સત્રાંત પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા બાબતે આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગના અધ્યક્ષશ્રીની દરખાસ્તને કુલસચિવશ્રીએ આપેલી સંમતિને બહાલી આપવામાં આવી.

કાર્ય – 8 પારંગત માનવ સંસાધન સંચાલન (M.H.R.M.) સત્ર-4ની સત્રાંત પરીક્ષા સુધી સત્ર-3ની સત્રાંત પરીક્ષાના અનામત પરિણામની પૂર્તતા ન થવા અંગે ચર્ચા.

ઠરાવ-8 પારંગત માનવ સંસાધન સંચાલન (M.H.R.M.) સત્ર-4ની સત્રાંત પરીક્ષા સુધી સત્ર-3ની સત્રાંત પરીક્ષાના અનામત પરિણામ બાબતે અગાઉના નિયમ મુજબ અંતિમ પરિણામ ત્રણ માસ પછી જાહેર કરવું તથા સંસ્થા જે કાર્ય સોંપે તે કરવાનું રહેશે. કાર્ય સંતોષકારક રીતે પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ઉપરાંત કોઈપણ વિદ્યાર્થી સત્ર દરમ્યાન 10 દિવસથી વધુ રજા પાડે તો તેવા વિદ્યાર્થીઓનું સત્ર નામંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું. આ ઠરાવનો અમલ 2013 કે તે પછી શરૂ થનારાં તમામ સત્રોથી કરવાનો રહેશે. જૂન 2013થી સત્રમાં વધારેમાં વધારે ગેરહાજરી 10 દિવસની મળી શકશે. તેથી વધુ ગેરહાજરી હોય તો પરીક્ષામાં બેસી શકાશે નહીં.

કાર્ય – 9 અનુપારંગત અને વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 'સમાજશાસ્ત્ર' વિષયના અભ્યાસક્રમને મંજૂર કરવા અંગે.

ઠરાવ-9 અનુપારંગત અને વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 'સમાજશાસ્ત્ર' વિષયના અભ્યાસક્રમને મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 10 અનુપારંગત (એમ.ફિલ.) કક્ષાએ 'રસાયણવિજ્ઞાન' અને 'ભૌતિકશાસ્ત્ર' વિષય શરૂ કરવા સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમના ઇન્ચાર્જશ્રીની તા. 14-12-2012ની દરખાસ્ત અંગે.

ઠરાવ-10 સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમ, સાદરા ખાતે અનુપારંગત (એમ.ફિલ.) કક્ષાએ 'રસાયણવિજ્ઞાન' અને 'ભૌતિકશાસ્ત્ર' વિષય શરૂ કરવાનું ઠરાવવામાં આવ્યું. આ માટે બંને વિષય માટે ઈન્ચાર્જશ્રી સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન વિભાગ અભ્યાસ સમિતિની રચના આદરણીય કુલનાયકશ્રી પાસે મંજૂર કરાવવી. અભ્યાસ સમિતિએ તેના કોર્ષવર્કનો અભ્યાસક્રમ તૈયાર કરીને અભ્યાસક્રમ વિકાસ એકમ મારફત વિદ્યાસભામાં મંજૂર કરાવવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું.

કાર્ય – 11 સમાજવિદ્યા વિશારદ (B.S.Sc.) અભ્યાસક્રમમાં આવતા કમ્પ્યૂટર વિષયની પ્રાયોગિક સત્રાંત પરીક્ષાના પુરસ્કારમાં કરેલા ફેરફારને વિદ્યાસભાની મંજૂરી અર્થે.

ઠરાવ-11 સમાજવિદ્યા વિશારદ (B.S.Sc.) અભ્યાસક્રમમાં આવતા કમ્પ્યૂટર વિષયની પ્રાયોગિક સત્રાંત પરીક્ષાના પુરસ્કારમાં કરેલા ફેરફાર મુજબ એક દિવસના 500 રૂ. મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 12 ગેરવાજબી રીત-રસમ બાબતે તા. 11/12/2012ના રોજ મળેલી વિદ્યાસભાની પેટાસમિતિના અહેવાલને બહાલી આપવા.

ઠરાવ-12 ગેરવાજબી રીત-રસમ બાબતે તા. 11/12/2012ના રોજ મળેલી વિદ્યાસભાની પેટાસમિતિના અહેવાલને વિદ્યાસભામાં બહાલી આપવામાં આવી.

કાર્ય – 13 નીચે દર્શાવેલા સેવકશ્રીઓને વિદ્યાવાચસ્પતિ (Ph.D.) કક્ષાએ જે તે વિષયમાં આગળ અભ્યાસ કરવા આપેલી મંજૂરીને બહાલી આપવા અંગે.

| ક્રમ | સેવકનું નામ | વિષય | કક્ષા | વિશ્વવિદ્યાલય |
|---|---|---|---|---|
| 1. | શ્રી શેતલબહેન બડોદિયા | ગૃહવિજ્ઞાન | વિદ્યાવાચસ્પતિ | ગુજરાત યુનિવર્સિટી |
| 2. | શ્રી પારુલબહેન શ્રીમાળી | ગૃહવિજ્ઞાન | વિદ્યાવાચસ્પતિ | ગુજરાત યુનિવર્સિટી |
| 3. | શ્રી મહેશકુમાર મં. જાદવ | ગુજરાતી | વિદ્યાવાચસ્પતિ | ગૂ. વિ. અથવા અન્ય યુનિ.માં |

ઠરાવ-13 ઉપરોક્ત દર્શાવેલા સેવકશ્રીઓને વિદ્યાવાચસ્પતિ (Ph.D.) કક્ષાએ જે તે વિષયમાં આગળ અભ્યાસ કરવા આપેલી મંજૂરીને બહાલી આપવામાં આવી.

કાર્ય – 14 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 'શિક્ષણશાસ્ત્ર' વિષયમાં શ્રી હેમાબહેન હિરાલાલ મકવાણાને ફરી નામ-નોંધણી કરવાની આપેલી મંજૂરીને બહાલી આપવા અંગે.

ઠરાવ-14 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 'શિક્ષણશાસ્ત્ર' વિષયમાં શ્રી હેમાબહેન હિરાલાલ મકવાણાએ રજૂ કરેલા પ્રગતિ અહેવાલ તથા માર્ગદર્શકની ભલામણને આધારે ફરી નામ-નોંધણી કરવા માટે આપેલી મંજૂરીને બહાલી આપવામાં આવી.

કાર્ય – 15 નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમની સામે દર્શાવેલા વિષયમાં વિદ્યાવાચસ્પતિ કક્ષાએ પાંચમા વર્ષ માટે આપેલી મુદ્દત વધારાની મંજૂરીની નોંધ લેવા અંગે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિષય | મહાવિદ્યાલય | નામ-નોંધણી તારીખ |
|---|---|---|---|---|
| 1. | જયદિપસિંહ અર્જુનસિંહ છાસટિયા | સમાજશાસ્ત્ર | મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ. | 25/10/2008 |
| 2. | જિતેન્દ્ર કરમશીભાઈ ઢેબરીયા | સમાજશાસ્ત્ર | | 25/10/2008 |
| 3. | હસમુખભાઈ રમણલાલ પંચાલ | સમાજશાસ્ત્ર | | 01/11/2008 |
| 4. | ભરતજી જીવણજી ઠાકોર | ગુજરાતી | | 08/11/2008 |
| 5. | ધુતિબહેન એન. દેસાઈ | ગ્રામઅર્થશાસ્ત્ર | | 03/01/2009 |
| 6. | ધરતી ઓમપ્રકાશ પટેલ | ઇતિહાસ | | 10/12/2008 |
| 7. | સુભાષ લક્ષ્મણભાઈ મારૂ | ઇતિહાસ | | 10/12/2008 |
| 8. | રમણિકભાઈ માવજીભાઈ બામણિયા | ઇતિહાસ | | 16/12/2008 |
| 9. | દિનેશભાઈ શાંતિલાલ ભટ્ટ | ઇતિહાસ | | 31/12/2008 |

ઠરાવ-15 ઉપરોક્ત દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમની સામે દર્શાવેલા વિષયમાં વિદ્યાવાચસ્પતિ કક્ષાએ તેઓએ રજૂ કરેલા પ્રગતિ અહેવાલ તથા માર્ગદર્શકની ભલામણને આધારે પાંચમા વર્ષ માટે આપેલી મુદ્દત વધારાની મંજૂરીને બહાલી આપવામાં આવી.

કાર્ય – 16 નીચે દર્શાવેલા સેવકશ્રીઓને વિદ્યાવાચસ્પતિ (Ph.D.) / અનુપારંગત (M.Phil.) કક્ષાએ અન્ય વિશ્વવિદ્યાલયમાં જે તે વિષયમાં માર્ગદર્શક તરીકે આપેલી મંજૂરીને બહાલી આપવા અંગે.

| ક્રમ | સેવકનું નામ | વિષય | કક્ષા | વિશ્વવિદ્યાલય |
|---|---|---|---|---|
| 1. | શ્રી પ્રભુલાલ કાસુન્દ્રા (એસો. પ્રોફેસર, મ.દે.શા.શિ., સાદરા) | શારીરિક શિક્ષણ | અનુપારંગત | ઉ.ગુ.યુનિ., પાટણ |
| 2. | શ્રી જગદીશચંદ્ર ક. સાવલિયા (એસો. પ્રોફેસર, મ.દે.શા.શિ., સાદરા) | શારીરિક શિક્ષણ | અનુપારંગત | ઉ.ગુ.યુનિ., પાટણ |
| 3. | શ્રી જગદીશચંદ્ર એલ. ગોઠી (એસો. પ્રોફેસર, મ.દે.શા.શિ., સાદરા) | શારીરિક શિક્ષણ | વિદ્યાવાચસ્પતિ | કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર |

ઠરાવ-16 ઉપરોક્ત દર્શાવેલા સેવકશ્રીઓને તેમના ચાલુ કાર્યને અસર ન થાય તે શરતે વિદ્યાવાચસ્પતિ (Ph.D.) / અનુપારંગત (M.Phil.) કક્ષાએ અન્ય વિશ્વવિદ્યાલયમાં 'શારીરિક શિક્ષણ' વિષયમાં માર્ગદર્શક તરીકે આપેલી મંજૂરીને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

(i) આપણી સંસ્થાના જે તે મહાવિદ્યાલય / વિભાગના વડાશ્રીએ આ માટે સ્પષ્ટ ભલામણ કરવાની રહેશે.

(ii) આપવામાં આવેલી મંજૂરી જે તે વર્ષ / વિદ્યાર્થી પૂરતી ગણાશે. પછીના વર્ષ કે વિદ્યાર્થી માટે નવેસરથી મંજૂરી લેવાની રહેશે.

કાર્ય – 17 પુનાસ્થિત રાજર્ષી શાહ સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ રીસર્ચ સંસ્થાના કમ્પ્યૂટર એન્જિનિયરિંગ વિભાગના અધ્યક્ષ અને સહપ્રાધ્યાપક ડૉ. અખિલ ખેરની વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "કમ્પ્યૂટર વિજ્ઞાન" વિષયમાં માર્ગદર્શક તરીકે માન્યતા મેળવવા બાબતની અરજી અંગે.

ઠરાવ-17 પુનાસ્થિત રાજર્ષી શાહ સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ રીસર્ચ સંસ્થાના કમ્પ્યૂટર એન્જિનિયરિંગ વિભાગના અધ્યક્ષ અને સહપ્રાધ્યાપક ડૉ. અખિલ ખેરની વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "કમ્પ્યૂટર વિજ્ઞાન" વિષયમાં વિભાગીય અધ્યક્ષની ભલામણને ધ્યાને લઈને માર્ગદર્શક તરીકે માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 18 યુ.જી.સી. અધિનિયમ-2009 સિવાય પ્રવેશ લેવા માંગતા ઉમેદવારો માટે પારંગત કક્ષાએ લઘુતમ 55 ટકામાં છૂટછાટ બાબતે.

ઠરાવ-18 યુ.જી.સી. અધિનિયમ-2009 સિવાય પ્રવેશ લેવા માંગતા ઉમેદવારો માટે પારંગત કક્ષાએ લઘુતમ 50 ટકા સુધી છૂટછાટ આપવાનું ઠરાવવામાં આવ્યું.

વધુમાં અધિનિયમ 2009 અંતર્ગત માર્ગદર્શકશ્રીઓને ફાળવવામાં આવેલી સંખ્યા કરતા વધુ વિદ્યાર્થીઓ ન થાય તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 19 ગૂજરાત વિદ્યાપીઠમાં અજમાયશી ગાળા દરમ્યાન વિદ્યાવાચસ્પતિ કક્ષાએ વિવિધ વિષયોમાં પ્રવેશ મેળવેલા સેવકો બાબતે.

ઠરાવ-19 ગૂજરાત વિદ્યાપીઠમાં અજમાયશી ગાળા દરમ્યાન વિદ્યાવાચસ્પતિ કક્ષાએ વિવિધ વિષયોમાં પ્રવેશ મેળવેલા સેવકોની નોંધ લેવામાં આવી.

ખાસ કિસ્સામાં શીતલબહેન રાવત અને નીતિન ઢાઢોદરાને 'શિક્ષણશાસ્ત્ર' વિષયમાં આદરણીય કુલનાયકશ્રીએ અજમાયશી સમય દરમ્યાન આપેલી મંજૂરીનો અગાઉ ઠરાવ થયેલો છે તે બરાબર છે.

કાર્ય – 20 પારંગત કક્ષાના શોધનિબંધના સંગ્રહના પ્રશ્નને કારણે શોધનિબંધની માત્ર એક જ નકલ પરીક્ષા વિભાગમાં રજૂ કરવા અંગે.

ઠરાવ-20 પારંગત કક્ષાના શોધનિબંધના સંગ્રહના પ્રશ્નને કારણે શોધનિબંધની માત્ર એક જ નકલ પરીક્ષા વિભાગમાં રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

અનુપારંગત / વિદ્યાવાચસ્પતિ કક્ષાએ શોધનિબંધની ત્રણ નકલ લેવાનું તથા તેની એક નકલ જે તે વિભાગને પરિણામ જાહેર થયેથી મોકલી આપવાનું ઠરાવવામાં આવ્યું. આનો અમલ હવે પછી રજૂ થનારા શોધનિબંધથી કરવાનો રહેશે.

કાર્ય – 21 તા. 06-10-2012ની વિદ્યાસભાના ઠરાવ નં.-4 (અનુપારંગત / વિદ્યાવાચસ્પતિ કક્ષાએ પારિતોષિક માટે શોધનિબંધનું મૂલ્યાંકન) અંગે પુનઃ ચર્ચા.

ઠરાવ-21 તા. 06-10-2012ની વિદ્યાસભાના ઠરાવ નં.-4 (અનુપારંગત / વિદ્યાવાચસ્પતિ કક્ષાએ પારિતોષિક માટે શોધનિબંધનું મૂલ્યાંકન) બાબતે શોધનિબંધ અલગથી અગાઉના પરીક્ષક સિવાયના પરીક્ષકને પરીક્ષણ અર્થે મોકલી આપી તેના મૂલ્યાંકન મુજબ પ્રથમ આવનારા વિદ્યાર્થીને પારિતોષિક એનાયત કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 22 યુ.જી.સી.ના તા. 16-10-2012ના પત્ર નં. D.O.No. F. 1-2/2008 (XI Plan) સંદર્ભે ચર્ચા અંગે. (પરિશિષ્ટ-2)

ઠરાવ-22 યુ.જી.સી.ના તા. 16-10-2012ના પત્ર નં. D.O.No. F. 1-2/2008 (XI Plan) સંદર્ભે CBCSને અમલી બનાવવાનું તથા દરેક વિષયને આનુષાંગિક પ્રશ્નપત્રોમાં વૈકલ્પિક બે કે તેથી વધારે પ્રશ્નપત્રો પસંદગી માટે આપવાનું અને તેને અભ્યાસક્રમમાં સામેલ કરવાનું ઠરાવવામાં આવ્યું.

વધુમાં તેના અભ્યાસ માટે વિદ્યાર્થી જે તે પ્રશ્નપત્રનો વર્ગ ભરે અથવા તે પ્રશ્નપત્ર જાતે (સેલ્ફ સ્ટડી) તૈયાર કરે તેની મોકળાશનું સૂચન કરવામાં આવ્યું. આ માટે દરેક વિષયની અભ્યાસ સમિતિમાં આવા પ્રશ્નપત્ર દાખલ કરવાની પ્રક્રિયા કરવાનું ઠરાવવામાં આવ્યું.

પ્રમુખશ્રીની મંજૂરીથી :

| | |
|---|---|
| કાર્ય – 23 | શિક્ષણ પારંગત (M.Ed.), અનુપારંગત અને વિદ્યાવાચસ્પતિ (શિક્ષણશાસ્ત્ર) વિષયના અભ્યાસક્રમને મંજૂરી બાબતે. |
| ઠરાવ-23 | શિક્ષણ પારંગત (M.Ed.), અનુપારંગત અને વિદ્યાવાચસ્પતિ (શિક્ષણશાસ્ત્ર) વિષયના અભ્યાસક્રમને મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું. |
| કાર્ય – 24 | વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 'વસતિ શિક્ષણ' વિષયના વિદ્યાર્થી શ્રી મનીષભાઈ ભોઈના અભ્યાસ સંદર્ભે આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગના નિયામકશ્રીના પત્ર અંગે. |
| ઠરાવ-24 | આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગમાં વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 'વસતિ શિક્ષણ' વિષયમાં પ્રવેશપાત્ર થયેલા વિદ્યાર્થી શ્રી મનીષભાઈ ભોઈ પોતે કુલસચિવશ્રીને અરજી કરે તેવું ઠરાવવામાં આવ્યું. |
| કાર્ય – 25 | વિદ્યાસભાના ઠરાવની માહિતી બધા અધ્યાપકશ્રીઓને મળે તે બાબતે. |
| ઠરાવ-25 | વિદ્યાસભાના ઠરાવની માહિતી ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ પર મૂકવાનું ઠરાવવામાં આવ્યું. |
| કાર્ય – 26 | 40 ગુણના આંતરિક મૂલ્યાંકન અંગે. |
| ઠરાવ-26 | 40 ગુણના આંતરિક મૂલ્યાંકન અંગેની વિવિધ રીતો અંગેના માળખાનો મુસદ્દો શિક્ષણ મહાવિદ્યાલયના કા. આચાર્યશ્રી મે – 2013ના પહેલા અઠવાડિયામાં રજૂ કરે તેમ ઠરાવવામાં આવ્યું. |
| કાર્ય-27 | અનુપારંગત / વિદ્યાવાચસ્પતિ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને વિશેષ છૂટછાટ આપવા અંગે. |
| ઠરાવ-27 | ગૂજરાત વિદ્યાપીઠમાં પારંગત / અનુપારંગત થયેલા વિદ્યાર્થીઓને અનુપારંગત / વિદ્યાવાચસ્પતિ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વધારાના 5 ગુણનો લાભ અગ્રતાક્રમ યાદીમાં આપવાનું ઠરાવવામાં આવ્યું. આમ સમગ્ર ગુણભારની ગણતરી પછી ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને વધારાના 5 ગુણ ઉમેરીને અગ્રતાક્રમ યાદી તૈયાર કરવાની રહેશે. |

અંતે પ્રમુખશ્રીએ સર્વ સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂરી થયેલી જાહેર કરી હતી.

તા. 29-03-2013

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ